# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-02-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*****************************************************

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, દેશમાં થઈ રહેલા સુધારાની ગતિ જાળવી રાખવા ઉત્તમ અમલીકરણ પર ધ્યાન કેન્દ્રીત કરવું જરૂરી**
2. **રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાજસ્થાનમાં વાયુસેના મથક ખાતે સ્વદેશી રીતે વિકસિત લાઇટ કોમ્બેટ હેલિકોપ્ટર 'પ્રચંડ' માં ઉડાન ભરી.**
3. **વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું , આતંકવાદને કોઈપણ આધાર પર વાજબી ઠેરવી શકાય નહીં.**
4. **દિલ્હીની એક અદાલતે પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાને આબકારી નીતિ સંબંધિત ભ્રષ્ટાચાર કેસમાંથી મુક્ત કર્યા.**
5. **ICC T20 ક્રિકેટ વિશ્વકપમાં ઇંગ્લેન્ડ અને ન્યૂઝિલેન્ડ વચ્ચે શ્રીલંકામાં મુકાબલો.**

,,.......................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM-WEBINAR (1)

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે સરકાર વ્યવસાય કરવાની સરળતામાં સુધારો કરી રહી છે અને ટેકનોલોજી-નેતૃત્વ હેઠળ શાસનનો વિસ્તાર કરી રહી છે. આજે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા "ટેકનોલોજી , સુધારા અને ફાઇનાન્સ ફોર વિકસીત ભારત" વિષય પર અંદાજપત્ર પછીના વેબિનારને સંબોધતા , શ્રી મોદીએ કહ્યું કે , સુધારાઓનું મૂલ્યાંકન જાહેરાતો દ્વારા નહીં પરંતુ જમીન પર તેમની અસર દ્વારા થવું જોઈએ.

## બાઈટ – પીએમ, વેબીનાર

તેમણે AI, બ્લોકચેન અને ડેટા એનાલિટિક્સનો વ્યાપક ઉપયોગ કરીને પારદર્શિતા, ગતિ અને જવાબદારી વધારવા પર ભાર મૂક્યો.

પ્રધાનમંત્રીએ કહ્યું કે , છેલ્લા દાયકામાં, સરકારે માળખાગત સુવિધાઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. તેમણે કહ્યું કે , સરકારે આ નિર્ણય વિચારપૂર્વક લીધો છે કે , ભારતનો વિકાસ ફક્ત હાઇવે , રેલ્વે, બંદરો, ડિજિટલ નેટવર્ક, પાવર સિસ્ટમ્સ જેવી મજબૂત સંપત્તિઓ તૈયાર કરીને જ થશે.

તેમણે ભાર મૂક્યો કે 11 વર્ષ પહેલાં બજેટમાં ફક્ત બે લાખ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા હતા , પરંતુ તાજેતરના કેન્દ્રીય બજેટમાં તે ૧૨ લાખ કરોડ રૂપિયાને વટાવી ગયું છે.

## બાઈટ – પીએમ,આલોકેટેડ

# PM-WEBINAR (2)

શ્રી મોદીએ કહ્યું કે , રાષ્ટ્રીય બજેટ ટૂંકા ગાળાના વેપાર દસ્તાવેજ નથી , તે એક નીતિગત રોડમેપ છે જેના દ્વારા બજેટની અસરકારકતાનું મૂલ્યાંકન નક્કર અને વાસ્તવિક પરિમાણો પર પણ થવું જોઈએ.

## બાઈટ – પીએમ, રોડમેપ

તેમણે કહ્યું કે , જ્યારે ઉદ્યોગ , શિક્ષણવિદો, વિશ્લેષક અને નીતિ નિર્માતાઓ સાથે મળીને વિચારે છે ત્યારે યોજનાઓનો અમલ વધુ સારો બને છે અને તે સચોટ પરિણામો આપે છે.

. . . . . . . . . . . . . . . . .

# RAJASTHAN PRESIDENT PRACHAND

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે રાજસ્થાનના જેસલમેરમાં વાયુસેના સ્ટેશન ખાતે સ્વદેશી રીતે વિકસિત લાઇટ કોમ્બેટ હેલિકોપ્ટર 'પ્રચંડ' માં ઉડાન ભરી. જેમાં સ્વદેશી પ્લેટફોર્મની અદ્યતન સુવિધાઓ , ચપળતા અને લડાઇ તૈયારીનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. લાઇટ કોમ્બેટ હેલિકોપ્ટર 'પ્રચંડ' ઊંચાઈ પર કામગીરી માટે બનાવવામાં આવ્યું છે. તેનાથી ભારતીય વાયુસેનાની લડાઇ ક્ષમતાઓમાં નોંધપાત્ર વધારો થયો છે.

દરમિયાન રાષ્ટ્રપતિ શ્રીમતી મુર્મુએ વાયુસેનાના વરિષ્ઠ અધિકારીઓ સાથે વાતચીત કરીને ભારતના સ્વદેશી સંરક્ષણ ઉત્પાદન ઇકોસિસ્ટમને મજબૂત બનાવવામાં સામેલ વૈજ્ઞાનિકો, ઇજનેરો અને કર્મચારીઓના પ્રયાસોની પ્રશંસા કરી.

. . . . . . . . . . . . . . . .

# JAISHANKAR-COUNCIL

વિદેશ મંત્રી એસ. જયશંકરે જણાવ્યું છે કે આતંકવાદ માનવ અધિકાર ઉલ્લંઘનનો સૌથી જઘન્ય ગુનો છે જેને કોઈપણ આધાર પર વાજબી ઠેરવી શકાય નહીં. જીનીવામાં માનવ અધિકાર પરિષદને વિડીયો માધ્યમથી સંબોધન કરતાં શ્રી જયશંકરે જણાવ્યું કે સંઘર્ષ , ધ્રુવીકરણ અને અનિશ્ચિતતાથી ભરેલા વિશ્વમાં , ભારત વૈશ્વિક હિતમાં આ સમસ્યાનો ઉકેલ શોધે છે.

## બાઈટ – SHAKTI

. . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

**. . . . . . . . . . . . .**

# PARDHAN-NCERT

શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું છે કે NCERT પાઠ્યપુસ્તકમાં ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર પરના પ્રકરણનો સમાવેશ દુર્ભાગ્યપૂર્ણ છે અને સરકાર આ બાબતને ગંભીરતાથી લઈ રહી છે.

## (બાઈટ – ધર્મેન્દ્ર પ્રધાન)

અગાઉ સર્વોચ્ચ અદાલતે NCERT નાં ધોરણ 8 પાઠ્યપુસ્તકમાં પર ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર અંગેના પ્રકરણ પર સંપૂર્ણ પ્રતિબંધ લાદ્યો હતો અને બધી નકલો જપ્ત કરવા અને તેના ડિજિટલ ફોર્મેટ દૂર કરવાનો આદેશ આપ્યો હતો. બેન્ચે આ મામલાની આગામી સુનાવણી 11 માર્ચે નક્કી કરી છે.

. . . . . . . . . . . . . . . . .

# COURT KEJRIWAL

દિલ્હીની એક અદાલતે આજે દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાને એક્સાઇઝ પોલિસી સંબંધિત ભ્રષ્ટાચાર કેસમાંથી મુક્ત કર્યા. ખાસ ન્યાયાધીશ જિતેન્દ્ર સિંહે સીબીઆઈની ચાર્જશીટ પર ધ્યાન આપવાનો ઇનકાર કરતાં કહ્યું કે ચાર્જશીટમાં ઘણી ખામીઓ છે જે પુરાવા દ્વારા સમર્થિત નથી. અદાલતે આ કેસમાં અન્ય 21 લોકોને પણ મુક્ત કર્યા.

દિલ્હી આબકારી નીતી કૌભાંડમાં નિર્દોષ જાહેર થયા બાદ , આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કહ્યું કે તેઓ પ્રામાણિક છે અને સત્યનો વિજય થયો છે.

દરમિયાન સીબીઆઈએ આ મામલે ટ્રાયલ કોર્ટના ચુકાદા બાદ વડી અદાલતમાં અપીલ કરવાનો નિર્ણય લીધો છે.

. . . . . . . . . . . . . . . . .

# PM TRIBUTE - CHANDRASHEKHAR AZAD

મહાન સ્વાતંત્ર્ય સેનાની ચંદ્રશેખર આઝાદનો આજે શહીદ દિવસ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ચંદ્રશેખર આઝાદને શ્રદ્ધાંજલિ પાઠવતાં સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યુ કે ચંદ્રશેખર આઝાદનું જીવન શીખવે છે કે અન્યાય સામે અડગ રહેવાનો સંકલ્પ એ સાચી બહાદુરી છે.

તેમણે કહ્યું કે ચંદ્રશેખર આઝાદે રાષ્ટ્રને ગુલામીના બંધનમાંથી મુક્ત કરવા બલિદાન આપ્યું હતું.તેમના સર્વોચ્ચ બલિદાનને હંમેશા યાદ રાખવામાં આવશે. પ્રધાનમંત્રીએ ઉમેર્યું કે તેમણે કહ્યું કે, માતૃભૂમિ માટે સ્વાતંત્ર્ય સેનાનીના બલિદાનની ગાથા રાષ્ટ્રની દરેક પેઢીને પ્રેરણા આપતી રહેશે.

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને આજે સ્વાતંત્ર્ય સેનાની ચંદ્રશેખર આઝાદને તેમના શહીદ દિવસ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી. સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે ચંદ્રશેખર આઝાદ માત્ર એક ક્રાંતિકારી જ નહીં પરંતુ અદમ્ય હિંમતના જીવંત મૂર્ત સ્વરૂપ પણ હતા. તેમણે બ્રિટિશ શાસનના પાયાને હચમચાવી નાખ્યા. પોતાના નામ પર ખરા ઉતરનારા આઝાદ વિશે ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે અમર શહીદ પેઢીઓને રાષ્ટ્રની સેવા કરવા માટે પ્રેરણા આપતા રહેશે.

ગૃહમંત્રી અમિત શાહે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે ચંદ્રશેખર આઝાદ બ્રિટિશ રાજ સામે બહાદુરીથી લડ્યા અને તેમના છેલ્લા શ્વાસ સુધી વંદે માતરમનો નાદ કર્યો. તેમણે ઉમેર્યું કે કાકોરી ટ્રેન ઘટનાથી લઈને હિન્દુસ્તાન સોશિયાલિસ્ટ રિપબ્લિકન એસોસિએશનની રચના સુધીના તેમના જીવનની દરેક ક્ષણ દેશની સ્વતંત્રતા માટે સમર્પિત હતી.

. . . . . . . . . . . . . . . .

# PAKISTAN-AFGHAN WAR

પાકિસ્તાને આજે કાબુલ અને બે અન્ય અફઘાન પ્રાંતોમાં હવાઈ હુમલા કર્યા . પાકિસ્તાનના સંરક્ષણમંત્રીએ અફઘાનિસ્તાન સામે ખુલ્લું યુદ્ધ જાહેર કર્યું. પાકિસ્તાની દળોએ કાબુલ , કંદહાર અને પક્તિયાના ભાગોમાં હવાઈ હુમલા કર્યા હોવાનું તાલિબાન પ્રવક્તા ઝબીહુલ્લાહ મુજાહિદે જણાવ્યું હતું.

પાકિસ્તાને દાવો કર્યો છે કે ગઈકાલે રાત્રે અફઘાનિસ્તાન વિરુદ્ધ તેના ઓપરેશન ગઝબ-લિલ-હક શરૂ થયા બાદ લગભગ 133 અફઘાન તાલિબાન લડવૈયાઓ માર્યા ગયા હતા.

જ્યારે તાલિબાન સંરક્ષણ મંત્રાલયે કહ્યું કે તેણે ગઈકાલે રાત્રે 19 પાકિસ્તાની લશ્કરી ચોકીઓ અને બે ઠેકાણા કબજે કર્યા હતા અને કુલ 55 પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા હતા.

## (બાઈટ – જયા ભારતી)

ભારતે રમઝાનના પવિત્ર મહિના દરમિયાન અફઘાન પ્રદેશ પર પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા હવાઈ હુમલાઓની સખત નિંદા કરી છે.

સંયુક્ત રાષ્ટ્રના વડા એન્ટોનિયો ગુટેરેસે પાકિસ્તાન અને અફઘાનિસ્તાન બંનેને રાજદ્વારી દ્વારા કોઈપણ મતભેદોને ઉકેલવાનો પ્રયાસ ચાલુ રાખવા વિનંતી કરી છે.

. . . . . . . . . . . . . . . . .

# ICC T20 WORLD CUP

**ICC T20** વિશ્વકપની સુપર **8** ગ્રુપ ની બીજી મેચમાં આજે કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમ ખાતે ઈંગ્લેન્ડનો સામનો ન્યુઝીલેન્ડ સામે થશે. આ મેચ સાંજે સાત વાગ્યે શરૂ થશે.

દરમ્યાન ભારતે ગઈકાલે રાત્રે ચેન્નાઈના એમ.એ. ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે સુપર **8** મેચમાં ઝિમ્બાબ્વેને **72** રનથી હરાવ્યું. રવિવારે કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે ભારતનો અંતિમ સુપર **8** મેચમાં વેસ્ટ ઈન્ડિઝ સામે મુકાબલો થશે. આ મેચનું પરિણામ ટુર્નામેન્ટમાં ભારતનું ભાવિ નક્કી કરશે.

**T20** વિશ્વકપની સેમિફાઇનલ **4** અને **5** માર્ચે રમાશે, ફાઇનલ **8** માર્ચે રમાશે.

. . . . . . . . . . . . . . . .